પત્રિકા ૧૪૩

# ચિરાગે હિદાયત

૨૬/૦૧/૧૮
૮ જ.અવ્વલ

## આ અઠવાડિયાની મુનાસેબત

**૧૪ જ.અવ્વલ – પ્રથમ રિવાયત મુજબ જનાબે ફાતેમા(સ.અ.)ની શહાદત**

## જનાબે ફાતેમા(સ.અ.)

પરવરદિગારે આલમે હદીસે કુદસીમાં ફરમાવ્યું **"અય મોહમ્મદ(સ.અ.વ.)! અગર તમને ખલ્ક ન કરત તો કાએનાતમાં કોઈપણ ચીઝને ખલ્ક ન કરત. અગર અલી(અ.સ.)ને ખલ્ક ન કરત તો તમને પણ ખલ્ક ન કરત અને અગર ફાતેમા(સ.અ.)ને ખલ્ક કરવાનો મકસદ ન હોત તો તમને બંનેને ખલ્ક ન કરત."**

ઈમામ જાફર સાદિક(અ.સ.)એ ફરમાવ્યું "યા સય્યદત નિસાઈલ આલમીન." રાવીએ સવાલ કર્યો "શું આપ(અ.સ.)ની જદએ અમજદ પોતાના જમાનાના ઔરતોના સરદાર હતા?" ઈમામ(અ.સ.)એ જવાબ આપ્યો કે "તે જનાબે મરિયમ હતા કે જેઓ પોતાના ઝમાનાના ઔરતોના સરદાર હતા." પછી ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું "મારી જદ્દા તો દુનિયા અને આખેરતમાં અવ્વલીન અને આખેરીનના ઔરતોના સરદાર છે અને તેમની આ અઝમત ફક્ત તેમના ઝમાના પૂરતી જ નથી. અગર તમે તમામ મખ્લુકાતે આલમમાં દરેક ઝમાનામાં પૈદા કરવામાં આવેલા દરેક ઈન્સાનો દરમિયાન બહેતરીન ઈન્સાનને શોધવા ચાહો તો તેઓમાંથી આ એક મુતાહેરા અને મુનવ્વરા શખ્શીય્યત છે કે જેમનું નામ અને યાદ તથા ઝિક્ર અમોને ખુદા તરફથી અતા કરવામાં આવેલ છે."

ખુદાવંદે આલમે પોતાના ફઝ્લો અહેસાન વડે આપણને આ મૌકો આપ્યો છે કે પોતાની ઝિંદગીના અમુક ભાગને જનાબે ફાતેમા(સ.અ.)ની યાદમાં ગુજારીએ. તેમના બારામાં વાતો કરીએ અને તે અઝીમ હસ્તીને લગતી વાતો સાંભળીએ. અમુક લોકો તેમની યાદથી ગાફિલ છે જ્યારે કે આપણી ઉપર ખુદાવંદે આલમનો કરમ છે કે આપણે બીબી(સ.અ.)થી જોડાયેલા છીએ.

તે અઝીમ શખ્સીય્યત સાથે આપણી મોહબ્બતે આપણી ઉપર એક ખુબજ સંગીન જવાબદારી લાઝિમ કરી છે કે આપણે તે અઝીમ ઝાતની સિરત અને નકશે કદમ ઉપર ચાલીએ.

આ તે અઝીમ બીબી(સ.અ.) છે કે જેઓ પોતાની શહાદતના સમયે ફક્ત અઢાર વર્ષના હતા અને અલ્લાહ તઆલાની એટલી ઈબાદત કરતા કે પોતાના પગ સુજી જતા હતા. આ અઝીમ શખ્સીય્યત આટલા અઝીમ મુકામ પર હોવા છતાં ઘરના કામ પણ પોતે જ અંજામ આપતા હતા. શૌહરની ખિદમત, બાળકોની દેખરેખ પણ તેમની પર જ હતી.

### * *જનાબે ફાતેમા(સ.અ.)ના બાળપણનો સખ્ત ઝમાનો :*

જનાબે ફાતેમા(સ.અ.)ની વિલાદત બેઅસતના પાંચમાં વર્ષે થઈ કે જ્યારે પયગંબરે અકરમ(સ.અ.વ.)ની તબ્લીગ શિખર પર હતી. આ તે ઝમાનો હતો કે તમામ સખ્તીઓ, મુશ્કેલાત અને મસાએબે પયગંબરે અકરમ(સ.અ.વ.) અને તેમના ઘરવાળાઓને ઘેરી લીધેલા હતા. જેવું કે આ વાકેઓ મશહુર છે કે જનાબે ફાતેમા(સ.અ.)ની વિલાદતના સમયે શહેરની ઔરતો જનાબે ખદીજા(સ.અ.)ની મદદ માટે પણ નહોતી આવી. આ મોટી વાત છે કે જ્યારે પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.) કાફિરો સાથે મુકાબલો કરી રહ્યા હતા ત્યારે મક્કાના કાફિરોએ આપ(સ.અ.વ.)નો દરેક રીતે બાયકોટ કર્યો હતો કે જેથી તેના વડે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) પર દબાણ કરે. આ તે મૌકો હતો કે જ્યાં જનાબે ખદીજા(સ.અ.) જેવા ફિદાકાર અને કુરબાની આપનાર બીબી(સ.અ.)એ પોતાની શુજાઅત બતાડી. આપ(સ.અ.)એ પોતાના શૌહરની દરેક રીતે મદદ કરી. ઘરમાં પોતાની બેટીની દેખરેખ અને તરબીયત કરતા.

જ્યારે જનાબે ફાતેમા(સ.અ.) પાંચ-છ વર્ષની ઉંમરે પહોંચ્યા તો શેઅબે અબુતાલીબનો વાકેઓ બન્યો. આપ(સ.અ.)એ શેઅબે અબુતાલીબની તમામ સખ્તીઓને પણ બરદાસ્ત કરી. સખ્તી અને મુશ્કેલીઓના આ ત્રણ વર્ષ પોતાના બાબાની સાથે મક્કાથી બહાર પહાડોમાં વિતાવ્યા. આ બેટી આ સખ્ત સમયમાં પોતાના વાલિદ માટે મુનીસો મદદગાર બન્યા અને આ જ તે ઝમાનો હતો કે જનાબે ખદીજા(સ.અ.)ની વફાત થઈ અને આ જ તે ઝમાનો હતો કે જ્યારે આપ(અ.સ.)ના મોહસીન જનાબે અબુતાલીબ(અ.સ.) દુનિયાથી રૂખ્સત થયા અને પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.) બિલકુલ તન્હા થઈ ગયા. હવે આ તે સમય હતો કે જ્યારે આ બેટી પોતાના વાલિદ માટે એવા ખિદમતગુઝાર બન્યા કે પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.)એ પોતાની સાત વર્ષની બેટીને ઉમ્મે અબીહા કહ્યા એટલે કે બેટી પોતાના વાલિદની માની જેમ દેખરેખ કરતા હતા.

* *જનાબે ફાતેમા(સ.અ.)ની અમલી ફઝીલત :*

અગર ઔરત મર્દની મદદગાર હોય અને ઝિંદગીના વિવિધ અમલી મેદાનમાં તેની સાથે સાથે અને કદમથી કદમ મેળવેલ હોય તેમજ તેના હૌસલા અને હિંમતને વધારનાર હોય તો મર્દની તાકતો કુવ્વત ઘણી વધી જાય છે.

આ હકીમા, આલિમા અને મોહદ્દેસા બીબી(સ.અ.) જ્યાં સુધી હયાત રહ્યા ત્યાં સુધી પોતાના શૌહર, પોતાના ઈમામે વક્ત અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ની પાછળ એક બુલંદ, ઉચ્ચ અને મજબુત પહાડની જેમ ઉભા રહ્યા. આપ(સ.અ.) પોતાના ઈમામે વક્ત હઝરત અલી(અ.સ.)ની વિલાયતના બચાવ માટે કોઈપણ પ્રકારની કુરબાનીથી પાછળ ન હટયા અને હઝરત અલી(અ.સ.)ની હિમાયતમાં એક બહેતરીન ખુત્બો આપ્યો. એવો ખુત્બો કે જે ગમ અને મુસીબતના આલમમાં મસ્જિદે નબવીમાં મુસલમાનોની સામે આપવામાં આવ્યો.

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના ચહિતા દિકરી જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ની ઉપર જે મુસીબતનો પહાડ તૂટયો કે જેનાથી અમુક લોકો અજાણ છે તેને યાદ કરીને અઈમ્મા(અ.મુ.સ.) ગમમાં ડૂબી જતા હતા.

શૈખ અબ્બાસ કુમ્મી(ર.અ.) કહે છે કે જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ની મુસીબતો તેમના મઅસુમ ફરઝંદો(અ.મુ.સ.)ને તલ્વાર અને ખંજરની ઈજાઓ કરતા વધારે પીડાદાયક હતી અને આપ(સ.અ.)નું દુઃખ તેઓને આગમાં સળગવા કરતા વધારે ઈજા પહોંચાડતું હતું. અલ્લાહ તઆલા તરફથી તેમને તકય્યા કરવાનો હુકમ હતો. તેથી તેઓ જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ની મુસીબતોને જાહેર ન કરી શકયા. આમ, જ્યારે જનાબે ફાતેમા(સ.અ.)નું નામ તેમની સમક્ષ લેવામાં આવતું તો તેઓના દિલ ગમથી ભરાઈ જતા હતા અને કોઈપણ સમજુ માણસ તેઓના કરીમ ચેહરા ઉપર તેની અસરો જોઈ શકતો હતો. *(બય્તુ અલ-અહઝાન, પા. ૧૩૬)*

આ ગમ તેઓની ઈમામતને વર્ણવતી સીફત હતી અને બે રીતે જાહેર થઈ. તેમના ઉપર રૂદન કરવું અને તેમના દુશ્મનો ઉપર લઅનત કરવી.

નીચેનો બનાવ અમુક અંશે આ વાતને સ્પષ્ટ કરે છે

*૧) ઈમામ મોહમ્મદ ઈબ્ને અલી અલ જવાદ(અ.સ.)નો ગમ :*

ઝકરિયા ઈબ્ને આદમ નકલ કરે છે કે એક દિવસ હું ઈમામ અલી રેઝા(અ.સ.)ની ખિદમતમાં હાજર હતો જ્યારે તેમના ફરઝંદ ઈમામ મોહમ્મદ અલ જવાદ(અ.સ.) કે જેઓ ચાર વર્ષ કરતા પણ નાની વયના હતા તેમને લાવવામાં આવ્યા. જ્યારે તેઓ

અંદર આવ્યા, આપ(અ.સ.)એ પોતાની હથેળીઓને ઝમીન ઉપર મારી, પોતાનું માથું આસમાન તરફ બુલંદ કર્યું અને લાંબા સમય સુધી ઊંડા વિચારમાં ડૂબેલા રહ્યા.

આ જોતા ઈમામ રેઝા(અ.સ.)એ તેમને પૂછયું ''હું તમારા ઉપર કુરબાન થાઉ! તમે કઈ બાબતના બારામાં વિચારી રહ્યા છો?''

ઈમામ જવાદ(અ.સ.)એ જવાબ આપ્યો ''હું મારી જદ્દા ફાતેમા(સ.અ.)ની ઉપર જે મુસીબતો પડી તેના વિચારમાં ડુબેલો છું. અલ્લાહની કસમ! હું આ બંને માણસોને તેમની કબ્રમાંથી બહાર કાઢી બાળી નાંખીશ અને તેઓની રાખને દરિયામાં નાખી દઈશ.''

આ સાંભળી ઈમામ રેઝા(અ.સ.)એ તેમના ફરઝંદને તેમની નઝદીક આવવા કહ્યું, તેમને કપાળ ઉપર બોસો આપ્યો અને ફરમાવ્યું ''મારા માં-બાપ આપ ઉપર કુરબાન થાય! તમે આ (ઈમામતના) મરતબાને લાયક છો.'' *(બેહારૂ અલ-અન્વાર, ભાગ-૫૦, પા. ૫૯)*

## *૨) ઈમામ મોહમ્મદ ઈબ્ને અલી અલ-બાકિર(અ.સ.)નો ગમ :*

રિવાયતમાં છે કે જ્યારે પણ ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)ને તાવ આવતો ત્યારે આપ(અ.સ.) તાવનો ઈલાજ એ રીતે કરતા કે એક કપડાને ઠંડા પાણીમાં પલાળી પોતાના શરીર ઉપર રાખતા અને મોટા અવાજે કહેતા, ''યા ફાતેમા બિન્તે મોહમ્મદ (સ.અ.વ.)!'' આ અવાજ એટલો મોટો હતો કે ઘરના પ્રવેશદ્વાર ઉપર આપ(અ.સ.)નો અવાજ સંભળાતો. *(બય્તુ અલ-અહઝાન ફી મસાએબિ અસ્સય્યદતુ અન્નિસ્વાન (સ.અ.), પા. ૧૩૫)*

શૈખ અબ્બાસ કુમ્મી(ર.અ.) કહે છે ''હું મક્કમપણે માનુ છું કે ઈમામ(અ.સ.)ના પાક શરીરને તાવ આવવાનું કારણ તેમની જદ્દા જનાબે ફાતેમા(સ.અ.)ની ઉપર પડેલી મુસીબતો છે. જે આપ(અ.સ.)ના સીનામાં છુપાયેલી હતી, આપ(અ.સ.) આપની જદ્દા જનાબે ફાતેમા(સ.અ.) અને તેમની મુસીબતને યાદ કરીને તાવની ગરમીને પાણી વડે દૂર કરતા હતા. આ તેના જેવું છે કે જાણે એક ગમગીન માણસ પોતાના ગમને ઓછો કરવા નિસાસો અને ઉંડા શ્વાસ લે છે. *(બય્તુ અલ-અહઝાન, પા. ૧૩૬)*

પરવરદિગારે આલમ આપણને બધાને સિરતે બીબી ફાતેમા(સ.અ.) ઉપર ચાલવાની તૌફીક અતા કરે અને આપણી મા-બહેનો બીબી(સ.અ.)ની ઝિંદગીથી સબક હાંસિલ કરે. પરવરદિગાર આપ(સ.અ.)ના ફરઝંદ ઈમામે હુજ્જત(અ.સ.)ના ઝહુરમાં તાજીલ ફરમાવે.

**પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com